Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એકતા અને વિશ્વશાંતિ માટેનું શિક્ષણ

ડૉ.એસ.સી.પાડવી
એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ,પી.જી.ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર આણંદ (ગુજરાત)

**શોધ સારાંશ**

ભારત સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર છે. વિશ્વમાં ઘણાં નાનાંમોટા રાષ્ટ્રો છે. કેટલાંક રાષ્ટ્ર વિસ્તારમાં આપણા દેશ કરતાં પણ વધારે મોટાં છે. ભારત આર્થિક દષ્ટિએ સમૃદ્ધ ભલે ન હોય પણ તેની સંસ્કૃતિ વિશ્વનો અમૂલ્ય વારસો ગણાવા લાગ્યો છે. રાષ્ટ્રના અસ્તિત્વ માટે ત્રણ મૂળભૂત તત્વો જરૂરી છે. (1) ચોકકસ જમીનનો ટુકડો (2) તે જમીનના ટુકડામાં રહેનાર સમુદાય (3) તે લોક સમુદાય દ્વારા ક્રમશઃ વિકસિત, પોષિત અને પલ્લવિત સંસ્કૃતિ (4) ભાષા છે જેને સંસ્કૃતિનો જ એક ભાગ ગણવામાં આવ્યો છે.

ઉપરની કસોટીના આધારે ભારત એક સનાતન અને જગતનું પ્રાચીનત્તમ રાષ્ટ્ર છે. રાષ્ટ્રની વ્યાખ્યા વેદોની અનેક ઋચાઓમાં જોવા મળે છે. દેશનો વિકાસ અબાધિત રહયો છે. જયારે જયારે રાજનૈતિક દષ્ટિએ દેશ હારી ગયો ત્યારે ત્યારે આ દેશે પોતાના આત્મના રક્ષણ માટે અનેક મહાપુરૂષો, ચિંતકો, વિચારકો, બુદ્ધિજીવીઓ વગેરેને જન્મ આપીને આ દેશની ધારાને અતુટ રાખી છે. આ કારણે જ કાળક્રમાનુસાર અહીંયા અનેક સંપ્રદાયો ભારતના દેરક ભાગમાં સ્થાઈ થઇને વિકસ્યા છે.


કી વર્ડઃ રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય, એકતા, વિશ્વશાંતિ, શિક્ષણ

**પ્રસ્તાવનાઃ**


ભારત વિવિધતા અને અદભૂત આધ્યાત્મિક વિરાસતથી ભરેલો દેશ છે. એક રાષ્ટ્રના સંદર્ભમાં સંસ્કૃતિ, ભાષા, રંગ, રૂપ, દષ્ટિએ વિશ્વમાં અલગ વ્યકિતત્વ પરિચય

કરાવતો દેશ છે. "વસુધૈવ કુટુમ્બકમ" પહેલું ઉદઘોષણ સંદેશ ભારતદેશે વિશ્વને આપ્યો છે. છતાં પ્રાચીન મૂલ્યોનું અવમુલન આ દેશમાં થઇ રહયું છે. વર્તમાન વિશ્વ, સમાજ અને મનુષ્યની વ્યકિતગત સમસ્યાઓ તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવનાઓને અવરોધતી સમસ્યાઓ જાણવાના અભાવમાં પ્રવર્તમાન ઉપસ્થિત વિસંગતતાઓ છે, આપણે સૌ બુદ્ધિજીવી વ્યકિતઓ છીએ છતાં ધર્મ, જાતિ, પ્રદેશ પર આધારિત માનસિકતા ધરાવતા હોઇએ છીએ, દરેક રાજય કે પ્રદેશના માણસોની વ્યકિતગત માનસિકતા જુદી જુદી અને પરિવર્તનશીલ હોય છે ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એકતાની ભાવના કેળવવા માટે મહત્ત્વનું માધ્યમ બને છે. આજ માધ્યમ વર્તમાન સમસ્યાઓનું નિવારણ અને રચનાત્મક કાર્ય કરવા માટે ઉપયોગી વિકલ્પ છે. રાષ્ટ્રની અંતર્ગત અનેક જુદી જુદી ભાષાઓનું પાલનપોષણ થતું રહે છે. પરંતુ એક રાષ્ટ્રીય ભાષાનો સ્વીકાર કરીને તેની સમૃદ્ધિ માટે પ્રયત્ન કરવાનો એક જાતનું રાષ્ટ્રીય કર્તવ્ય જ છે. તેનાથી રાષ્ટ્રીયની એકતા અને અખંડિતતાની ભાવના વધુ બળવાન બનશે.

વર્તમાન વિશ્વનું દૃશ્ય



સમસ્યાઓનું મહત્ત્વનું કારણ છે. એકતા-વિવિધતાઓ અથવા વૈચારિક વિભિન્નતાઓના પ્રકાર નીચે મુજબ છે.




દરેક વ્યકિત કોઇને કોઇ રીતે ધર્મથી અવસ્ય જોડાયેલો રહે છે. ધર્મના મૂલ્યથી કોઇને કોઇ દેવ, ઇશ્વર કે પ્રભુની ભક્તિ સાથે અવશ્ય જોડાયેલો રહે છે. ધર્મનું લક્ષ્ય છે. કે સતકર્મ કરવું પરંતુ પોતાને પ્રભુનો પૂરેપૂરો પરિચય ન હોવાના કારણે ધર્મના નામ પર જગતમાં જે યુદ્ધો થયા છે તે અન્ય કોઇ બાબત પર થયા નથી. બ્રહ્મા, વિષ્ણુ, શંકરમાં માનવાવાળા હિન્દુ, અલ્લાહની પ્રાર્થના કરવાવાળા મુસ્લિમ, ઇસુ ખ્રિસ્ત, કે અનુયાયી ઇસાઇ તથા મહાત્માબુદ્ધમાં મત દર્શાવનાર બૌદ્ધધર્મીઓ કહેવાય છે. દરેક મનુષ્ય જાતિ અને ધર્મને લઇને નથી જન્મતો પરંતુ આ ધર્મ આ જગતના સંસારમાં વિરાસતમાં મળેલો જુઠ્ઠ સત્ય છે. તે ઇર્ષ્યા, રકતપાન, દુઃખ, અશાંતિનું મુખ્ય કારણ છે.

એકવીસમી સદીમાં એટલું પરિવર્તન થઇ રહ્યું છે કે જાણે દુનિયાની કાયાપલટ થઇ ગઇ હોય એમ લાગે છે. સુખ-સુવિધાના સાધનો વધ્યાં છે. પરંતુ તેની સાથે સાત તાણ, ઉદ્વેગ,ચિંતા, માનસિક ક્ષોભ, વિક્ષોભ વગેરેમાં પણ વધારો થઇ રહયો છે. દરેક વ્યકિતની શાંતિ અંદરથી અશાંત બની ગઇ છે અવું લાગે છે કે તે ભૌતિક સુખોના

સાધનોમાં એવો ભૂલો પડયો છે તેને ઉચિત-અનુચિત, ઉપયોગી-બિનઉપયોગી વગેરેનું કશું જ જ્ઞાન રહયું નથી તે ન વિચારવાનું વિચારે છે અને ન કરવા જેવું કરતો જાય છે.પરિણામે સંકટોના વાદળો એની સામે પડકાર બનીને ઊભા રહયાં છે. દરેક વ્યકિતમાં ઝડપથી આવેલા પરિવર્તન અને માનવીયભાવના,વિશ્વ માનવતા અને વિશ્વ શાંતિ માટે ભવિષ્ય પ્રત્યે ચિંતાતુર છે.

**વિશ્વ એક કુટુંબઃ**

"વસુધૈવ કુટુમ્બકમ"ની ભાવના ભારતમાં આજે જળવાઇ રહી છે. પ્રાચીન સમયથી આ ભાવના પ્રત્યે દઢ વિશ્વાસ અને શ્રદ્ધા રહેલા છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.રાધાકૃષ્ણનના જણાવ્યા પ્રમાણે "સમસ્ત વિશ્વા એક કુટુંબ છે. એક માળો છે. એક પિતાનો પરિવાર છે અને આથી સમસ્ત વિશ્વ એ સ્વતંત્ર રાષ્ટ્રોનું વિશાળ કુટુંબ બને એ આપણો આદર્શ હોવો જોઇએ" આ આદર્શની સફળતા માટે માનવીએ વિશ્વમનવ બનવું પડે. આ માટે માનવીએ ત્યાગની ભાવના કેળવી પડે. સંકુચિતતામાંથી વિશાળતા તરફ પ્રયાણ કરવું પડે. સાંકડા સબંધોના તાણાવાણામાંથી છૂટા પડી વિશ્વશાંતિના સબંધોમાં જોડાવું પડે.

વિશ્ર્વ એક કુટુંબની ભાવના કેળવવા માટે માનવીને કેટલાક ત્યાગ કરવા પડે. સંકુચિત હિતોથી અળગા થઇને સહકારની ભાવનાને કેન્દ્રમાં રાખવી પડેશે તેણે કુટુંબ, નીતિ અને ધર્મનું મમત્વ ત્યાગવુ પડશે. તેણે રાષ્ટ્રપ્રેમની સાથે સાથે આંતરરાષ્ટ્રીય સહકાર અપનાવવો પડશે. તેણે માલિકીપણાનો ત્યાગ કરવો પડશે. તેણે વેરઝેર અને તિરસ્કારની લાગણીઓને બદલે પ્રેમ અને કરૂણાની લાગણી સ્વીકારવી પડશે. તેણે વિશ્વનાગરિક બની વિશ્વબંધુત્વની ભાવના કેળવવી પડશે. માનવી પરસ્પર સહકારની દુનિયા રચી આગલ વધે ત્યારે વિશ્વઐકયની ભાવના સાકાર બને.

**રાષ્ટ્રોનું આંતર-અવલંબનઃ**

કોઇપણ રાષ્ટ્ર આધાર વિના વિકાસ કરી શકે નહીં. રાષ્ટ્રના વિકાસ માટે પરસ્પર સહકાર અત્યંત મહત્વની બાબત છે. વિકાસ પામતા રાષ્ટ્રને કાચો માલ, મુડી કે યંત્રવિજ્ઞાનની જાણકારી મેળવવી પડે છે. અમેરિકાએ પ્રાંરભના વર્ષોમાં વિદેશી મૂડી અને યંત્રવિદ્યાની જાણકારી માટે આધાર રાખવો પડયો હતો. જાપાન અને રશિયાએ ઔદ્યોગિક વિકાસ બીજાના સહકારથી સાધ્યો છે. ચીને ક્રાંતિ પછી અમુક અંશે બીજાની

મદદ મેળવી વિકાસ કર્યો. ભારતે વિશ્વના ઘણા દેશો પાસેથી મદદ મેળવી છે. દેશ નાનો હોય કે મોટો હોય તેને માટે બીજાના આધાર વિના આગળ વધવું મુશ્કેલ છે. આ બાબતને રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેનું આંતર-અવલંબન કહે છે. સ્વાવલંબન પ્રાપ્ત કરવા માટે પણ આવુ પરસ્પરનું અવલંબન જરૂરી છે. જેમજેમ રાષ્ટ્ર વિકાસ સાધે તેમ તેમ તેનું પરાવલંબન ઘટતું જાય છે. અલબત્ત, બધાં રાષ્ટ્રો બધી બાબતમાં સ્વાવલંબી બની શકે નહીં. જેમકે ભારતને લશ્કરી સામગ્રી-લડાયક વિમાનો, સબમરીનો, વિવિધ યંત્રો, જાસૂસી માટેના યત્રો, દૂરગામી પ્રક્ષેપાસ્ત્રો વગેરે માટે બીજા દેશો પર આધાર રાખવો પડે છે.

માનવની ખોરાક, પોશાક અને જીવન જરૂરિયાતની વિવિધ વસ્તુઓ મેળવવા માટે પણ બીજા દેશો પર આધાર રાખવો પડે છે. જરૂરી અનાજ, રસાયણો, દવાઓ અને અન્ય વસ્તુઓ બીજા દેશો પાસેથી મેળવામાં આવે છે. વાહનવ્યવહારનાં સાધનો, સંદેશાવ્યવહારના સાધનો અને અદ્યતન ટેકનોલોજીના આધારે બનતા સાધનો યંત્રો માટે બીજા પર આધાર રાખવો પડે છે. સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક બાબતોમાં પણ બીજા પર આધાર રાખવો પડે છે. આજે દુનિયાના કોઇપણ દેશો સંપૂર્ણ સ્વાવલંબી કે પરાવલંબી પણ નથી પરંતુ બધા જ દેશો પરસ્પરાવલંબી છે. વિશ્વના નાનાં મોટા તમામ રાષ્ટ્રોને એકબીજાનાં સહકારની જરૂરિયાત પ્રત્યેક ક્ષણે પડે છે. આ સહકારની ભાવના જેટલી વધારે મજબૂત હોય તે પ્રમાણે વિશ્વના રાષ્ટ્રો ઝડપથી વિકાસશીલ બની શકે છે.

**પરસ્પર સહકાર અને સહઅસ્તિત્વઃ**

રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના આંતર-અવલંબનમાં પરસ્પર સહકાર સમાયેલો છે. માનવીએ સહકારની ભાવના દ્વારા જ સંસ્કૃતિ વિકસાવી છે. આમ, માનવજીવનની માફક રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે પણ સહકારની ભાવના હોય તો રાષ્ટ્રનો ઝડપી વિકાસ થઇ શકે. બધાં જ રાષ્ટ્રોમાં બધાં જ ખનીજો હોઇ શકે નહીં.કયારેક વસ્તુ હોય તો તેનું પ્રમાણ ઓછું હોય ત્યારે બીજા દેશોનો સહકાર મેળવવો જરૂરી બને છે. દા.ત. ભારતમાં ખનીજતેલનું ઉત્પાદન થાય છે. પણ દેશની જરૂરિયાતના પ્રમાણમાં ઘણુંજ ઓછું ખનીજતેલ મળે છે. આથી ખનીજતેલની જરૂરિયાત માટે વિદેશી સહકાર લેવો પડે છે. જેમ જેમ રાષ્ટ્ર વચ્ચે સહકાર જરૂરી બને છે તેમ દેશમાં રાજયરાજય વચ્ચે પણ સહકાર જરૂરી બને છે. કુદરતી પાણી, ભૂગર્ભ સંપર્તિનું પ્રમાણ અસમાન રીતે વહેંચાયેલું  હોય છે. નદી પર બંધાયેલો બંધ કોઇ એક

રાજયમાં હોય છે. જયારે નદીના પાણીનો ઉપયોગ જુદાં જુદા રાજયોમાં કરવાનો છે.દા.ત. ગુજરાતમાં આકાર લઇ રહેલી નર્મદા યોજના આ યોજનાના અંતે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતને જળવિદ્યુતનો લાભ મળશે. કેટલાંક રાજયોમાં ઔદ્યોગિક વિકાસની અનુકૂળતા વધારે હોય છે. આથી બીજા રાજયોએ તેના પર આધાર રાખવો પડે છે. આમ, બંને વચ્ચે સહકારનું વલણ ઉપયોગી બની રહે છે.

વિશ્વશાંતિ જાળવવામાં રાષ્ટ્રોના સહઅસ્તિત્વને આવશ્યક ગણવામાં આવેલ છે. આ માટે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રના અસ્તિત્વને તથા સમાજ દરજ્જાને સ્વીકારે તે જરૂરી છે. પ્રસંગોપાત એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનું માન-ગૌરવ જળવાઇ રહે તેવી વિચારસરણી માટે આગ્રહી રહે એ પણ જરૂરી છે. સહઅસ્તિત્વના સ્વીકાર સાથે રાષ્ટો પરસ્પર વ્યવહારોમાં માનવીય અધિકારોને સ્થાન આપે તો વેરઝેર અને તંગદિલીભર્યા પ્રસંગો ન બને છે.

**ઉપસંહારઃ**

ઉપરોકત તમામ પરિબાળોને દરેક દેશના નાગરિક તરીકે જવાબદારી પૂર્વક ફરજ અદા કરી આ પરિબળોને સમજ કેળવશે તો આપોઆપ જગતમાં વિશ્વશાંતિ સ્થપાશે અને જીવો અને જીવવાદોની ભાવના સમગ્ર વિશ્વમાં પ્રગટશે.

**સંદર્ભસૂચિઃ**


- આચાર્ય શ્રીરામ શર્મા (2008), **રાષ્ટ્રચિંતન** (ભાગ-1) યુગ નિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા. પાના નં.4,5
- **શિક્ષા મેં મૂલ્ય એવં આધ્યાત્મિકતા,** શિક્ષા પ્રભાગ, રાજયોગ શિક્ષા એવં શોધ પ્રતિષ્ઠાન, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય, આબુપર્વત (રાજસ્થાન) પેજ નં.35
- **સામાજિક વિજ્ઞાન ધોરણ-8** (2008) ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર, પાના નં.202
- **સમાજવિદ્યા ધોરણ-10** (2002) ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર, પાના નાં.96,97